ફોન નંબર : ૦૨૭૯૨-૨૨૩૬૩૦

જા.ક્ર.:યસપ/યુ.ઉ/ ૨૦૦૫ થી ૨૩૦૪ /૨૦૨૪-૨૫
જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી,
બહુમાળી ભવન, બ્લોક-સી, પ્રથમ માળે,
રૂમ નંબર-૧૧૦/૧૧૧, અમરેલી,
તારીખ : ૨૫/૦૭/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (તમામ)
પ્રિન્સિપાલશ્રી, મહાવિદ્યાલયો (તમામ)
કન્વીનરશ્રી, તાલુકાકક્ષા યુવા ઉત્સવ સ્પર્ધા (તમામ તાલુકા)
પ્રમુખશ્રી/મંત્રીશ્રીઓ, સાંસ્કૃતિક મંડળો (તમામ)
અમરેલી.

## વિષય : યુવા ઉત્સવ-૨૦૨૪માં ભાગ લેવા બાબત.

શ્રીમાન,

**સવિનય સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના ઉપક્રમે પ્રતિવર્ષ યુવાનોના સ્વપ્નને સાકાર કરવા, તેમની કલાત્મક અને સર્જનાત્મક શક્તિઓને બહાર લાવી તેને ખીલવવાના દિવ્ય ઉદેશ્ય સાથે યુવા** ઉત્સવ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

આ યુવા ઉત્સવ સ્પર્ધામાં માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળા, **કોલેજો તથા યુવક મંડળોમાંથી અભ્યાસ કરતાં કે ન કરતાં** ૧૫ વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષ સુધીની વય ધરાવતા તમામ યુવક-યુવતીઓ ભાગ લઈ શકે છે. **આપની સંસ્થાના યુવક-યુવતીઓ ભાગ લેવા માંગતા હોય તેમણે પોતાની એન્ટ્રી સત્વરે મોકલી આપવા તેમજ આ સ્પર્ધામાં આપની સંસ્થામાંથી** વધુમાં વધુ યુવક-યુવતીઓ ભાગ લે તેવા પ્રયત્નો હાથ ધરવા વિનંતી.

આ સ્પર્ધા પહેલા તાલુકાકક્ષાએ **યોજાય છે**, તાલુકાકક્ષાએ **પ્રથમ વિજેતા સ્પર્ધકો જિલ્લાકક્ષાએ યુવા ઉત્સવ સ્પર્ધામાં** ભાગ લેવા આવશે.

**આપની સંસ્થામાંથી ભાગ લેવા માંગતા યુવક-યુવતીઓની એન્ટ્રી નીચે દર્શાવેલ પ્રવેશપત્રના નમૂના મુજબ આપના** તાલુકાનાં કન્વીનરશ્રીઓને તારીખ :૧૨/૦૮/૨૦૨૪ સુધીમાં મોકલી આપવાની રહેશે.

**:: એન્ટ્રીનો નમૂનો ::**

| ક્રમ | સ્પર્ધકનું નામ | સ્પર્ધાનું નામ | વિભાગ | જન્મતારીખ | શાળા/સંસ્થા/ઘરનું સરનામું | સંપર્કનંબર |
|---|---|---|---|---|---|---|
| ટીમ મેનેજર/શિક્ષકશ્રીનું નામ અને સંપર્ક નંબર | | | | | | આચાર્યશ્રીના સહી-સિક્કા |

**:: કટ ઓફ ડેટ ::** (કટ ઓફ ડેટ ૩૧/૧૨/૨૦૨૪ રહેશે.)

- ❖ અ વિભાગ : ૧૫ **વર્ષથી ઉપરના અને** ૨૦ વર્ષ સુધીના (૩૧/૧૨/૨૦૦૪ થી ૩૧/૧૨/૨૦૦૯ વચ્ચે જન્મેલા)
- ❖ બ વિભાગ : ૨૦ **વર્ષથી ઉપરના અને** ૨૯ વર્ષ સુધીના (૩૧/૧૨/૧૯૯૫ થી ૩૦/૧૨/૨૦૦૪ વચ્ચે જન્મેલા)
- ❖ ખુલ્લો વિભાગ : ૧૫ વર્ષથી ઉપરના ૨૯ વર્ષ સુધીના (૩૧/૧૨/૧૯૯૫ થી ૩૧/૧૨/૨૦૦૯ વચ્ચે જન્મેલા)
- ❖ ખાસ નોંધ: **સમુહની સ્પર્ધાઓમાં** ભાગ લેનાર તમામ કલાકારોની નિચે મુજબના નમૂના પ્રમાણે પ્રવેશપત્ર મોકલવાના રહેશે.
- ❖ અત્રેની કચેરીના બ્લોગ એડ્રેસ :- dydoamreli.blogspot.com પરથી કાર્યક્રમ જાણી શકાશે.

સભ્ય સચિવ
જિલ્લા યુવા ઉત્સવ સમિતિ
-વ-
જિલ્લા યુવા વિકાસ અધિકારી,અમરેલી

ઉપાધ્યક્ષ
જિલ્લા યુવા ઉત્સવ સમિતિ
-વ-
જિલ્લા શિક્ષણાધિકારી, અમરેલી

# યુવા ઉત્સવ-૨૦૨૪-૨૫

## તાલુકાકક્ષા યુવા ઉત્સવ સ્પર્ધાના કન્વીનરશ્રીઓની યાદી

| ક્રમ | તાલુકાનું નામ | આયોજક શાળા/કોલેજનું નામ | તાલુકા કન્વીનરશ્રીના નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | શ્રી દિપક હાઈસ્કૂલ, અમરેલી | શ્રી પ્રકાશભાઈ જોષી | ૯૪૨૮૫૩૫૩૯૦ |
| ૨ | બાબરા | શ્રી જ્ઞાનજ્યોત વિદ્યાલય,મું.વાંડળીયા,તા.બાબરા | શ્રી હરેશભાઈ વડાવિયા | ૯૪૨૬૨૨૭૦૬૭ |
| ૩ | બગસરા | શ્રી ઝવેરચંદ મેઘાણી હાઈસ્કૂલ, બગસરા | શ્રી વિનોદભાઈ જેઠવા | ૯૪૨૬૬૩૦૨૫૧ |
| ૪ | લાઠી | શ્રીમતિ એન.એચ.સંઘવી કન્યા વિદ્યાલય, લાઠી | શ્રીમતિ દર્શનાબેન એમ.ગીડા | ૯૪૨૬૮૩૨૦૨૫ |
| ૫ | લીલીયા | શ્રી માધ્યમિક શાળા, મું.ક્રાંકચ, તા.લીલીયા | શ્રી કનુભાઈ ડાવેરા | ૯૮૨૫૭૬૪૧૪૮ |
| ૬ | કુંકાવાવ | શ્રી સુરગવાળા સાર્વજનિક હાઈસ્કૂલ, મું.વડીયા | શ્રી એમ.જી.મોરી | ૯૭૨૫૮૪૪૯૫૬ |
| ૭ | ધારી | શ્રી જી.એન.દામાણી હાઈસ્કૂલ, ધારી | શ્રી માનસિંગભાઈ બારડ | ૯૪૨૬૧૩૦૦૭૭ |
| ૮ | ખાંભા | શ્રી જે.એન.મહેતા હાઈસ્કૂલ, ખાંભા | શ્રી અજીતસિંહ ગોહિલ | ૯૯૦૪૫૯૩૭૮૩ |
| ૯ | રાજુલા | શ્રી ટી.જે.બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલ, રાજુલા | શ્રી સીમાબેન પંડયા | ૯૨૬૫૨૦૭૨૭૨ |
| ૧૦ | જાફરાબાદ | શ્રી પારેખ અને મહેતા હાઈસ્કૂલ, જાફરાબાદ | શ્રી વિમલભાઇ અગ્રાવત | ૯૪૨૬૯૮૫૭૩૫ |
| ૧૧ | સાવરકુંડલા | શ્રી સાવરકુંડલા તાલુકા યુવક મંડળ,સાવરકુંડલા | શ્રી ધર્મશંકરભાઈ ભટ્ટ | ૯૮૭૯૬૮૭૬૨૨ |

સભ્ય સચિવ
જિલ્લા યુવા ઉત્સવ સમિતિ
-વ-
જિલ્લા યુવા વિકાસ અધિકારી,અમરેલી

ઉપાધ્યક્ષ
જિલ્લા યુવા ઉત્સવ સમિતિ
-વ-
જિલ્લા શિક્ષણાધિકારી,અમરેલી

# તાલુકાકક્ષાએથી શરૂ થતી સ્પર્ધા વિષે વિગતવાર માહિતી

| ક્રમ | સ્પર્ધાનું નામ | ૧૫ થી ૨૦ વર્ષ સુધીના અ વિભાગ | ૨૦ થી ૨૯ વર્ષ સુધીના બ વિભાગ | ૧૫ થી ૨૯ વર્ષ સુધીના ખુલ્લો વિભાગ | કલાકારની સંખ્યા | સહાયકની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| **સાહિત્ય વિભાગ** | | | | | | |
| ૧ | વકતૃત્વ સ્પર્ધા | ૦૫ મિનિટ | ૦૭ મિનિટ | - | ૦૧ | ૦૦ |
| ૨ | નિબંધ સ્પર્ધા | ૪૦ મિનિટ | ૪૦ મિનિટ | - | ૦૧ | ૦૦ |
| ૩ | પાદપૂર્તિ | - | ૪૦ મિનિટ | - | ૦૧ | ૦૦ |
| ૪ | ગઝલ શાયરી લેખન | - | ૬૦ મિનિટ | - | ૦૧ | ૦૦ |
| ૫ | કાવ્ય લેખન | - | ૬૦ મિનિટ | - | ૦૧ | ૦૦ |
| ૬ | દોહા છંદ ચોપાઈ | - | ૧૫ મિનિટ | - | ૦૧ | ૦૦ |
| ૭ | લોકવાર્તા | - | - | ૧૫ મિનિટ | ૦૧ | ૦૦ |
| **કલા વિભાગ** | | | | | | |
| ૮ | સર્જનાત્મક કારીગરી | - | - | ૩ કલાક | ૦૧ | ૦૦ |
| ૯ | ચિત્રકલા | ૨ કલાક | ૨ કલાક | - | ૦૧ | ૦૦ |
| **સાંસ્કૃતિક વિભાગ** | | | | | | |
| ૧૦ | લગ્નગીત | - | ૦૭ મિનિટ | - | ૦૧ | ૦૪ |
| ૧૧ | હળવું કંઠ્ય સંગીત | ૦૫ મિનિટ | ૦૫ મિનિટ | - | ૦૧ | ૦૩ |
| ૧૨ | લોકવાદ્ય સંગીત | ૦૫ મિનિટ | ૦૫ મિનિટ | - | ૦૧ | ૦૦ |
| ૧૩ | ભજન | - | - | ૦૭ મિનિટ | ૦૧ | ૦૩ |
| ૧૪ | સમુહગીત | - | - | ૦૭ મિનિટ | ૦૮ | ૦૫ |
| ૧૫ | એકપાત્રીય અભિનય | ૦૫ મિનિટ | ૦૭ મિનિટ | - | ૦૧ | ૦૦ |
| ૧૬ | લોકનૃત્ય | - | - | ૧૫ મિનિટ | ૧૬ | ૦૪ |
| ૧૭ | લોકગીત | - | - | ૦૭ મિનિટ | ૦૧ | ૦૭ |
| ૧૮ | એકાંકી (હિન્દી/અંગ્રેજી) | - | - | ૩૦ થી ૪૫ મિનિટ | ૧૨ | ૦૦ |
| ૧૯ | શાસ્ત્રીય કંઠય સંગીત (હિંદુસ્તાની) | ૧૫ મિનિટ | ૧૫ મિનિટ | - | ૦૧ | ૦૩ |
| ૨૦ | કર્ણાટકી સંગીત | - | - | ૧૫ મિનિટ | ૦૧ | ૦૩ |
| ૨૧ | સિતાર | - | - | ૧૫ મિનિટ | ૦૧ | ૦૧ |
| ૨૨ | વાંસળી | - | - | ૧૫ મિનિટ | ૦૧ | ૦૧ |
| ૨૩ | વીણા | - | - | ૧૫ મિનિટ | ૦૧ | ૦૧ |
| ૨૪ | મૃદગમ | - | - | ૧૦ મિનિટ | ૦૧ | ૦૧ |
| ૨૫ | હાર્મોનિયમ (હળવું) | - | - | ૧૦ મિનિટ | ૦૧ | ૦૧ |
| ૨૬ | ગિટાર | - | - | ૧૦ મિનિટ | ૦૧ | ૦૧ |
| ૨૭ | તબલા | - | - | ૧૦ મિનિટ | ૦૧ | ૦૧ |
| ૨૮ | શા.નૃત્ય ભરતનાટ્યમ | ૧૫ મિનિટ | ૧૫ મિનિટ | - | ૦૧ | ૦૨ થી ૦૫ |
| ૨૯ | શાસ્ત્રીય નૃત્ય કથ્થક | ૧૫ મિનિટ | ૧૫ મિનિટ | - | ૦૧ | ૦૨ થી ૦૫ |
| ૩૦ | શા.નૃત્ય મણીપુરી | - | - | ૧૫ મિનિટ | ૦૧ | ૦૨ થી ૦૫ |
| ૩૧ | શા.નૃત્ય ઓડીસી | | | ૧૫ મિનિટ | ૦૧ | ૦૨ થી ૦૫ |
| ૩૨ | શા.નૃત્ય કુચિપુડી | | | ૧૫ મિનિટ | ૦૧ | ૦૨ થી ૦૫ |
| ૩૩ | શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા (હિન્દી-અંગ્રેજી) | | | ૦૪ મિનિટ | ૦૧ | ૦૦ |
| **પ્રદેશકક્ષાએથી શરૂ થતી સ્પર્ધા વિષે વિગતવાર માહિતી** | | | | | | |
| **લાઇફ સ્કીલ વિભાગ** | | | | | | |
| ૧ | સ્ટોરી રાઈટીંગ (હિન્દી-અંગ્રેજી) | - | - | ૨ કલાક ૩૦ મિનિટ | ૦૧ | ૦૦ |
| ૨ | પોસ્ટર મેકિંગ | - | - | ૨ કલાક ૩૦ મિનિટ | ૦૧ | ૦૦ |
| ૩ | ડિક્લેમેશન (હિન્દી-અંગ્રેજી) | - | - | ૦૮ થી ૧૦ મિનિટ | ૦૧ | ૦૦ |
| ૪ | ફોટોગ્રાફી | - | - | ૨ કલાક ૩૦ મિનિટ | ૦૧ | ૦૦ |
| **પ્રદેશકક્ષાએથી શરૂ થતી સ્પર્ધા વિષે વિગતવાર માહિતી** | | | | | | |
| **યુવાક્રિતી વિભાગ** | | | | | | |
| (૧) હેંડીક્રાફ્ટ (૨) ટેક્ષટાઈલ્સ (૩) એગ્રો પ્રોડક્ટના પ્રદર્શનમાં ભાગ લેવા માટે અરજી અત્રેની કચેરીને મોકલી આપવાની રહેશે. | | | | | | |

## -: સામાન્ય નિયમો :-

- **તાલુકાકક્ષા સ્પર્ધાની એન્ટ્રી જે તે તાલુકાના કન્વીનર સંસ્થાને આપવાની રહેશે,**
- રાજ્યના ૧૫ વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષ સુધીની ઉંમરના કોઈપણ યુવક-યુવતીઓ ભાગ લઈ શકશે.
- રાજ્યના ૧૫ વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષ સુધીના કોઈપણ યુવક-યુવતીઓ જે ગુજરાત રાજયમાં છેલ્લા ૬ માસથી વસવાટ કરતાં હશે તેમને સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે, સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકની ઉંમર ૩૧/૧૨/૨૦૨૪ના રોજ ૧૫ વર્ષ કરતાં ઓછી અને ૨૯ વર્ષ કરતાં વધુ ન હોવી જોઈએ. ઉંમરના પુરાવા આચાર્યશ્રી, મામલતદારશ્રી, શિક્ષણાધિકારીશ્રી કે અન્ય રાજયપત્રિત અધિકારીશ્રીના સર્ટિફિકેટ પ્રમાણભૂત ગણાશે.
- ભાગ લેનાર કલાકારે દરેક સ્પર્ધા માટે અલગ ફોર્મ ભરવાનું રહેશે.
- એક સ્પર્ધક વધુમાં વધુ ત્રણ (૩) સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
- સમૂહગીત, લોકનૃત્ય, લોકગીત, ભજન, લોકવાર્તા આ તમામ સ્પર્ધાઓની કૃતિઓ બે નકલમાં સામેલ રાખવી અને એકાંકી(નાટક) તથા એકપાત્રીય અભિનય માટે સ્ક્રીપ્ટ અને લેખકની મંજૂરી પત્ર સાથે રાખવું.
- પ્રવેશપત્રમાં આપેલી માહિતી અધૂરી કે ખોટી સાબિત થશે તો તે પ્રવેશપત્ર રદ કરવામાં આવશે. સ્પર્ધક અભ્યાસ/નોકરી/નિવાસ અમરેલી જિલ્લામાં કરતો હોવો જરૂરી છે.
- **પ્રવેશપત્ર મોકલવાની છેલ્લી તારીખ :૧૨/૦૮/૨૦૨૪ રહેશે. બધી જ અરજીઓ ચકાસી આગળની કાર્યવાહી કરવામાં આવશે.**
- સંગીતને લગતી સ્પર્ધાઓમાં સાથ સંગત કરવા સહાયકો નિયમ પ્રમાણેની સંખ્યામાં લઈ જઈ શકાશે. તેઓને વય મર્યાદાઓનું બંધન રહેશે નહીં.
- જે તે સ્પર્ધાના નિર્ણાયકો દ્વારા આપવામાં આવેલ નિર્ણય આખરી રહેશે.
- સ્પર્ધા માટે માઈક, લાઈટ, સ્ટેજ વગેરેની વ્યવસ્થા અત્રેની કચેરી તરફથી કરવામાં આવશે. સંગીત માટેના સાધનો કે નાટક માટે સેટિંગ તથા અન્ય વ્યવસ્થા ભાગ લેનારે પોતે કરવાની રહેશે.
- દરેક સ્પર્ધા માટે દર્શાવેલ નિયત સમય મર્યાદાના ૧/૫ ભાગની સમય મર્યાદાની છૂટ રહેશે. ભાગ લેનાર વ્યક્તિ કે સંસ્થાએ નિયત કરેલા ફોર્મમાં અરજી કરવાની રહેશે. કોઈપણ લાયક વ્યક્તિ વ્યક્તિગત રીતે સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
- જિલ્લાકક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા થયેલ સ્પર્ધક કે ટીમ પ્રદેશકક્ષાએ ભાગ લેવા જશે.
- જિલ્લાકક્ષાએ યુવા ઉત્સવ સ્પર્ધામાં ખાસ કરીને એકાંકી, એકપાત્રીય અભિનય સ્પર્ધાઓમાં રાજકીય બાબતોને સ્પર્શે તેવી કૃતિ અથવા કોઈપણ કોમ કે ધર્મના ભાઈ/બહેનની લાગણી દુભાઈ તેવી કૃતિ અથવા અશ્લીલ અને સુરૂચિ ભંગ કરે તેવી કૃતિ રજૂ કરાય નહીં તેની સંપૂર્ણપણે તકેદારી રાખવાની રહેશે, સ્ક્રીપ્ટ અગાઉથી સાહિત્યકારોની સમિતિ પાસે તેની ફરજિયાત પણે ચકાસણી કરાવી લેવાની રહેશે. એકાંકી સ્પર્ધા અંગ્રેજી અને હિન્દી ભાષામાં રજૂ કરવાના નિયમ હતા, જેમાં હવે પ્રાદેશિક ભાષામાં પણ એકાંકી રજૂ કરી શકશે.
- આવેલ એન્ટ્રીની સંસ્થા/કલાકારોને જિલ્લાકક્ષાની સ્પર્ધાનો કાર્યક્રમ ઈ-મેઈલ/પ્રેસનોટથી જાણ કરવામાં આવશે.

| | |
|---|---|
| સભ્ય સચિવ | ઉપાધ્યક્ષ |
| જિલ્લા યુવા ઉત્સવ સમિતિ | જિલ્લા યુવા ઉત્સવ સમિતિ |
| -વ- | -વ- |
| જિલ્લા યુવા વિકાસ અધિકારી,અમરેલી | જિલ્લા શિક્ષણાધિકારી,અમરેલી |

નકલ રવાના સવિનય જાણ સારૂ.

- માન.કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર.
- માન.કલેકટરશ્રી, અમરેલી.
- માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અમરેલી.
- માન.મામલતદારશ્રી, તમામ અમરેલી જિલ્લો
- માન.યૂથ બોર્ડ અધિકારીશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર.
- પ્રમુખ/મંત્રીશ્રી, આચાર્ય સંઘ, અમરેલી.

## યુવા ઉત્સવ સ્પર્ધામાં વ્યક્તિગત કૃતિમાં ભાગ લેવા માટેનું પ્રવેશફોર્મ

**સંસ્થા/સ્પર્ધકનું નામ :**.................................................................................................................................

**સરનામું** :.................................................................................................................................

**સ્પર્ધાનું નામ** :........................................................................... **વિભાગ :**................................................

**જન્મતારીખ** :............................................................. **મોબાઈલ નંબર :**..................................................

**જાતિ** :......................................................**(અનુ,જાતિ,જનજાતિ,બક્ષીપંચ,અન્ય) આ મુજબ દર્શાવવી.**

**સહાયકના નામ :**

**(૧)**....................................................................**(૨)**..........................................................................

**(૩)**....................................................................**(૪)**..........................................................................

**(૫)**....................................................................**(૬)**..........................................................................

**અન્ય સ્પર્ધામાં ભાગ લીધો હોય તો તેની વિગત (૧)**.............................................**(૨)**...........................................

સુચનાઓ :-

૧. ભાગ લેનાર કલાકારે દરેક સ્પર્ધા માટે અલગ ફોર્મ ભરવું.

૨. સમુહગીત, લોકનૃત્ય, લોકગીત, ભજન, લોકવાર્તા આ તમામ સ્પર્ધાઓની કૃતિઓ બે નકલમાં સામેલ રાખવી અને એકાંકી તથા એકપાત્રીય અભિનય માટે સ્ક્રીપ્ટ અને તેના લેખકની સંમતિપત્ર સાથે રાખવું.

૩. અધૂરી વિગત અને સમય મર્યાદા બાદ મળેલ વિગત અને સમય મર્યાદા બાદ મળેલ પ્રવેશપત્રો રદ ગણાશે.

૪. સ્પર્ધા અંગેના નિયમો સ્પર્ધા શરૂ થયા પહેલા જણાવવામાં આવશે.

૫. જન્મતારીખ માટે પ્રમાણપત્ર અને આધારકાર્ડ અચૂક જોડવું.

૬. સ્પર્ધામાં “અ” વિભાગ ૧૫ થી ૨૦ વર્ષનો રહેશે. “બ” વિભાગ ૨૦ વર્ષ ઉપરના અને ૨૯ વર્ષ સુધીનો રહેશે. જ્યારે ખુલ્લો વિભાગ ૧૫ થી ૨૯ વર્ષનો રહેશે.

ઉપરોક્ત માહિતી મે જાતે ભરી છે, અને તેની વિગતો, પ્રમાણપત્રો આ સાથે સામેલ છે, આ અંગેની જવાબદારી મારી/મારી સંસ્થાની રહેશે.

તારીખ :

સ્પર્ધક/શાળા/સંસ્થાના સહી-સિક્કા

# સમૂહની ટીમને સ્પર્ધામાં ભાગ લેવા માટે નીચે દર્શાવેલ નમૂના મુજબ અરજી પત્રક

સંસ્થા/સ્પર્ધકનું નામ :..........................................................................................................................................

સરનામું :..........................................................................................................................................

સ્પર્ધાનું નામ :........................................................................ વિભાગ :.................................................

| ક્રમ | સ્પર્ધક તથા સહાયકોના નામ | જન્મતારીખ | સ્ત્રી/પુરૂષ | સરનામું |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |
| ૭ | | | | |
| ૮ | | | | |
| ૯ | | | | |
| ૧૦ | | | | |
| ૧૧ | | | | |
| ૧૨ | | | | |
| ૧૩ | | | | |
| ૧૪ | | | | |
| ૧૫ | | | | |
| ૧૬ | | | | |
| ૧૭ | | | | |
| ૧૮ | | | | |
| ૧૯ | | | | |
| ૨૦ | | | | |

તારીખ :

ટીમ મેનેજરનું નામ :

સંપર્ક નંબર :

સ્પર્ધક/શાળા/સંસ્થાના સહી-સિક્કા

# યુવા ઉત્સવમાં ભાગ લેવા અંગેની વિવિધ વિભાગોની આઇટમોના નિયમો

## સાહિત્ય વિભાગ

**(૧) વકતૃત્વ સ્પર્ધા :**

(૧) સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે. (૨) દરેક વિભાગ માટે સ્પર્ધાનો વિષય નક્કી કરી ૨૪ કલાક પહેલા જાહેર કરવામાં આવશે. (૩) સ્પર્ધાનો સમય 'અ' વિભાગ માટે પાંચ અને 'બ' વિભાગ માટે સાત મિનિટ રહેશે. (૪) રાષ્ટ્રની એકતાને પોષે, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે, યુવાનોને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજૂ કરવાની તક આપે એવા વિષયો સામાન્ય રીતે પસંદ કરવા. (૫) સ્પર્ધામાં ભાગ લેનાર વ્યક્તિ કોઈપણ વિષયમાં ભાગ લઈ શકશે, પરંતુ તેની જાણ સ્પર્ધામાં ચાર કલાક પહેલા વ્યવસ્થાપકને કરવાની રહેશે.

**(૨) નિબંધ સ્પર્ધા :**

(૧) સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે. (૨) નિબંધનો વિષય સ્પર્ધાના સમયે જાહેર કરવામાં આવશે. (૩) સ્પર્ધાનો સમય 'અ' અને 'બ' બંને વિભાગ માટે ૪૦ મિનિટ રહેશે. (૪) રાષ્ટ્રીય એકતાને પોષે, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે, યુવાનોને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજૂ કરવાની તક આપે એવા વિષયો સામાન્ય રીતે પસંદ કરવા. (૫) નિબંધમાં વસ્તુની ચર્ચા ઉપરાંત ભાષા, તેની શુધ્ધતા, વિચારો, લખાણની શૈલી અને હસ્તાક્ષર વગેરે બાબતો તેના મૂલ્યાંકન વખતે ધ્યાનમાં રાખવામા આવશે. હરીફોને ગુજરાતી તેમજ હિન્દી એમ બંને ભાષાઓમાંથી ગમે તે એક ભાષામાં ભાગ લેવાની છૂટ રહેશે.

**(૩) પાદપૂર્તિ :**

આ સ્પર્ધા ફક્ત "બ" વિભાગ માટે રહેશે. (૧) પાદપૂર્તિ ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે. (૨) પાદપૂર્તિ માટે ૪૦ મિનિટનો સમય રહેશે. (૩) પાદપૂર્તિ માટે ત્રણથી ચાર જુદી જુદી પંક્તિઓ આપવામાં આવશે. જેમાંથી હરિફે કોઈપણ એક પંક્તિ પાદપૂર્તિ કરવાની રહેશે. (૪) પાદપૂર્તિ માટે આપેલી પંક્તિમાં બે કે ત્રણ કે તેથી વધુ પંક્તિઓ ઉમેરી શકાય.

**(૪) ગઝલ – શાયરી લેખન :**

આ સ્પર્ધા ફક્ત "બ" વિભાગ માટે રહેશે. (૧) ગઝલ-શાયરી ગુજરાતી અથવા હિન્દી ભાષામાં લખી શકાશે. (૨) કૃતિ રચવા માટે એક કલાકનો સમય રહેશે. (૩) ગઝલ-શાયરી માટે ત્રણથી ચાર જુદા વિષયો આપવામાં આવશે. જેમાંથી હરિફે કોઈપણ એક વિષય ઉપર પોતાની રચના કરવાની રહેશે.

**(૫) કાવ્ય લેખન :**

(૧) કાવ્ય લેખન આ સ્પર્ધા ફક્ત "બ" વિભાગ માટે રહેશે. (૨) કૃતિ રચવા માટે એક કલાકનો સમય આપવામાં આવશે. (૩) ત્રણ થી ચાર વિષયો આપવામાં આવશે. જેમાંથી સ્પર્ધકે કોઈપણ એક વિષય ઉપર પોતાની રચના કરવાની રહેશે.

**(૬) દુહા-છંદ-ચોપાઈ સ્પર્ધા :**

(૧) આ સ્પર્ધા ફક્ત "બ" વિભાગ માટે રહેશે. (૨) સ્પર્ધામાં કંઠ્ય કરેલા ઓછામાં ઓછા આઠથી દસ દુહા-છંદ-ચોપાઈ રજૂઆત કરવાની રહેશે. છંદો જેવા કે માત્રામેળ, અક્ષરમેળ અને ચારણી ગીતો જેવા કે સપાખરા, સાવજડુ, તિફ્રબંધ, શાણોર ઈત્યાદીની રજૂઆત કરી શકાશે. (૩) કંઠયસ્થ કરેલા દુહા-છંદ-ચોપાઈનો ભાવાર્થ ગુજરાતી અથવા હિન્દી ભાષામાં પોતાની સમજણ પ્રમાણે મૌલિક શૈલીમાં રજૂ કરવાનો રહેશે. (૪) કંઠયસ્થ રજૂઆત વખતે ગાન અનિવાર્ય રહેશે. (૫) સ્પર્ધાનો સમય ૧૫ મિનિટનો રહેશે.

**(૭) લોકવાર્તા :**

આ સ્પર્ધા ખુલ્લા વિભાગ માટે રહેશે. (૧) આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકે ૧૫ મિનિટમાં વાર્તા પૂરી કરવાની રહેશે. (૨) લોકવાર્તામાં ચારણી શૈલી, બારોટશૈલી, ટાઢીલીલા અને ભવાઇશૈલી જેવી સામાન્ય વિગેરેનો ઉપયોગ કરવાનો રહેશે. પ્રાદેશિક પારંપારિક શૈલીનો ઉપયોગ કરી શકાશે. વાર્તાકારે પોતાને અનુકૂળ વાદ્યોનો આધાર લઈ શકાશે. (સ્વરવાદન દ્વારા)

## કલા વિભાગ

**(૮) સર્જનાત્મક કામગીરી :**

(૧) આ સ્પર્ધા ખુલ્લા વિભાગ માટે રહેશે. (૨) આ સ્પર્ધામાં નકામી તેમજ બહુ કિંમતી ન હોય તેવી વસ્તુઓ જેવી કે બંગડીઓના કાચ, લાકડાનો વેર, ઇલાયચીના છોડા, જેવી સામગ્રીમાંથી પથ્થરના ટુકડામાંથી કે ચામડામાંથી સ્થળ પર નમૂના તૈયાર કરવાના રહેશે. કાચી સામગ્રીનો નાણાંકીય વ્યય લઘુતમ અને તૈયાર નમૂનાની કિંમત ગુરૂતમ તેમ નમૂનો શ્રેષ્ઠ ગણાય તેવી મૂલ્યાંકન જોગવાઇઓના સૂચનો લક્ષમાં લેવું. (૩) જે નમૂના તૈયાર કરવામાં આવે તે બજારમાં વેચી શકાય અથવા મુલ્ય ઉપજે એવા હોવા જોઇયે. (૪) સ્પર્ધાના પ્રકાર પ્રમાણે વધુમાં વધુ ત્રણ કલાકનો સમય આપશે. (૫) જરૂરી સાધનો તથા સરંજામ સ્પર્ધકે પોતે લાવવાના રહેશે. યોગ્ય જણાશે તે નમૂના જ પ્રદર્શિત કરવામાં આવશે. જે નમૂના તૈયાર થાય તે છેલ્લા દિવસ સુધી મૂકવાના રહેશે.

**(૯) ચિત્રકલા :**

આ સ્પર્ધા “અ” અને “બ” બંને વિભાગ માટે રહેશે. (૧) તત્કાલ ચિત્ર સ્પર્ધા યોજાશે, એટલે કે ચિત્રકામ સ્થળ ઉપર જ કરવાનું રહેશે. (૨) સ્પર્ધાનો સમય બે કલાકનો રહેશે. (૩) ચિત્રકલાની સ્પર્ધા માટે, ડ્રોઈંગના કાગળો સ્પર્ધાના આયોજકો તરફથી આપવામાં આવશે. અન્ય સાધન-સામગ્રી સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકે પોતે લાવવાની રહેશે. (૪) સ્પર્ધા માટે ડ્રોઈંગ કાગળ ૧૬”x૨૪” અથવા ૨૪”x૩૦”ના અનુકૂળતા પ્રમાણે આપવામાં આવશે. (૫) નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

## સાંસ્કૃતિક વિભાગ

**(૧૦) લગ્નગીત :**

આ સ્પર્ધા ફક્ત “બ” વિભાગ માટે રહેશે. (૧) આ સ્પર્ધા માટે ૭ મિનિટનો સમય આપવામાં આવશે. (૨) લગ્નગીત કંઠ્યસ્થ હોવું જોઈએ, લેખિત કૃતિનો આધાર લઈ શકાશે નહીં. (૩) ૭ મિનિટમાં જૂના લગ્નગીતમાંથી જેટલા ગીતો સ્પર્ધકે રજૂ કરશે તે ઉપરથી તેનું મૂલ્યાંકન કરાશે. અપ્રચલિત લગ્નગીતોની રજૂઆત આવકારદાયક દેખાશે. ફિલ્મોમાં આવતા કે ગ્રામોફોન રેકર્ડ ઉપર આવતા ગીતો સિવાયના ગીતો મૂલ્યાંકન માટે નિર્ણાયક બની રહેશે. (૪) ગીત વૈયક્તિક રીતે રજૂ કરવાનું રહેશે. પરંતુ ગીતની રજૂઆત માટે જે તે કક્ષાએ યોજાતી સ્પર્ધા વખતે ભાગ લેતા સમૂહ ગીતોની ટુકડીની સહાય ગીત ઝીલવા માટે લેવી હોય તો લઈ શકાશે. તેમ છતાં સ્પર્ધકે ગીત ઝીલવા માટે કે વાજિંત્ર વગાડવા માટે વધુમાં વધુ ચાર સહાયકો લાવી શકશે. વાજિંત્રમાં ફકત રિધમનો આશરો લઈ શકાશે.

**(૧૧) હળવું કંઠ્ય સંગીત :**

આ સ્પર્ધા “અ” અને “બ” બંને વિભાગ માટે રહેશે. (૧) “અ” તથા “બ” વિભાગ માટે સ્પર્ધાનો સમય ૫ મિનિટનો રહેશે. (૨) ગીતની કૃતિ સમાજની દ્રષ્ટિએ પોષક હોવી જોઈએ. (૩) હળવા કંઠ્ય સંગીત સાથે તબલા ઉપરાંત વધુમાં વધુ બે વાજિંત્રોનીઓ ઉપયોગ કરી શકાશે. (૪) ગીત હિન્દી કે ગુજરાતી ભાષામાં રહેશે.

**(૧૨) <u>લોક વાદ્ય-સંગીત :</u>**

આ સ્પર્ધા "અ" અને "બ" બંને વિભાગ માટે રહેશે. (૧) બંને વિભાગ માટે સ્પર્ધાનો સમય ૫ મિનિટનો રહેશે. (૨) લોકવાદ્યને મુખ્ય ગણવામાં આવશે. જ્યારે નૃત્યને ગૌણ ગણવામાં આવશે. (૩) વાદનના પ્રકારમાં લોકસંગીતની શૈલી, ઢાળ જળવાઈ રહે તે જરૂરી છે. (૪) નીચે જણાવેલ લોકવાદ્યનો સ્પર્ધા માટે ઉપયોગ કરી શકાશે. (૧) રાવણહથ્થો (૨) મદારીની પુંગી (૩) તાળપુ (૪) જંતર (૫) નોબત (૬) શહનાઈ (૭) જોડીયા પાવો (૮) પાવો (૯) ઢોલ (૧૦) થાળી (૧૧) ભૂંગળ ઉપરાંત જે તે પ્રદેશનું લોકવાદ્ય.

**(૧૩) <u>એકપાત્રીય અભિનય :</u>**

આ સ્પર્ધા "અ" અને "બ" બંને વિભાગ માટે રહેશે. (૧) "અ" વિભાગ માટે સ્પર્ધાનો સમય ૫ મિનિટ અને "બ" માટે સ્પર્ધાનો સમય ૭ મિનિટનો રહેશે. (૨) અભિનયની સ્ક્રિપ્ટ, લેખકનું નામ તથા નાટ્ય વિષય વસ્તુ વિગતો અગાઉથી આપવાની રહેશે. (૩) એક્પાત્રીય અભિનય માટે વેશભૂષાનો ઉપયોગ કરી શકાશે અને તે માટેના જરૂરી સાધન-સામગ્રી કલાકારે પોતે સાથે લાવવાની રહેશે. (૪) કોઈપણ એક જ પાત્રના મનોભાવોને અભિવ્યક્ત કરવાનો રહેશે. બહુપાત્રીય અભિનય (મિમિક્રી) આપોઆપ રદ થવાને પાત્ર રહેશે. (૫) રંગમંચ ઉપર લાઇટ અને માઇકની વ્યવસ્થા આયોજક તરફથી કરાશે.

**(૧૪) <u>લોકગીત :</u>**

(૧) આ સ્પર્ધા ખુલ્લા વિભાગ માટે રહેશે. (૨) લોકગીતમાં ગ્રુપમાં ગાયકોની અધિકતમ સંખ્યા આઠ (૮)ની રહેશે. (૩) લોકગીતો ભારતીય ગીતમાંથી લેવા જે કોઈપણ પ્રાદેશિક ભાષામાંના હોઇ શકે. (૪) કોઈપણ ફિલ્મગીત રજૂ કરી શકાશે. (૫) લોકગીત માટેનો અધિકતમ સમય ૭ મિનિટનો રહેશે. ગ્રુપને બેસવા માટેનો સમય ૪ મિનિટથી વધવો જોઈએ નહિ. (૬) લોકગીતનો નિર્ણય માત્ર ગાવાની ગુણવતા પર આધારિત રહેશે. મેકઅપ–વેશભૂષા અને ટીમના એક્શન પર રહેશે નહિ.

**(૧૫) <u>ભજન :</u>**

(૧) આ સ્પર્ધા ખુલ્લા વિભાગ માટે રહેશે. (૨) આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકે ૭ મિનિટમાં ભજન રજૂ કરવાનું રહેશે. (૩) ભજન શરૂ કરનાર સ્પર્ધકે જૂના અપ્રચલિત નીચે જણાવેલ ભજનના પ્રકારોમાંથી પસંદગી કરવાની રહેશે. (૧) રામગરી (૨) પ્રભાત/પ્રભાતિયા (૩) સંધ્યા (૪) આરતી (૫) કારી (૬) આરાધ (૭) ગરબો (૮) કીર્તન (૯) ધ્રોળ (૧૦) ખાબો (૧૧) અગમ (૧૨) ઉપદેશવાણી વગેરે રજૂ કરવાનું આવકારદાયક લેખાશે. (૪) વાજિંત્રમાં ફકત હાર્મોનિયમ, તબલા અને મંજીરાનો આશરો લઈ શકાશે. અને સહાયકોની સંખ્યા ૩ની રહેશે. (૫) લોકવાદ્યની ઉપયોગિતા જણાય તો સ્પર્ધકે તે જાતે વગાડવાનું રહેશે.

**(૧૬) <u>સમૂહગીત :</u>**

(૧) આ સ્પર્ધા ખુલ્લા વિભાગ માટે રહેશે. (૨) સ્પર્ધા માટેનો સમય ૭ મિનિટનો રહેશે. (૩) સમૂહગીત વૃંદમાં ઓછામાં ઓછા ૪(ચાર) અને વધુમાં વધુ ૮ સભ્યો રાખી શકાશે. (૪) સાથ-સંગતમાં વધુમાં વધુ ૫ વ્યક્તિઓ રાખી શકાશે. (૫) ગીત ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રાખી શકાશે. (૬) ગીતની કૃતિ સમાજની દ્રષ્ટિએ શિષ્ટ હોવી જોઈએ.(૭) મૂલ્યાંકનમાં મેકઅપ-પહેરવેશ,સાજ-સજાવટ,પ્રકાશ વ્યવસ્થા ઈત્યાદીને પ્રાધાન્ય આપવામાં આવશે નહિ.

**(૧૭) <u>લોકનૃત્ય :</u>**

આ સ્પર્ધા ખુલ્લા વિભાગ માટે રહેશે. (૧) ટીમ દીઠ ધુટ આપવાના ભાગ લેનારની અધિકતમ સંખ્યા ૨૦ની રહેશે. જેમાં સંગીતકારોનો સમાવેશ કરવાનો રહેશે. ટીમ તમામ ભાઈઓ, બહેનો અથવા બંનેની ભેગી કરેલી હોઇ શકે. (૨) નૃત્ય કાંતો પ્રાચીન અથવા તો (લોકનૃત્ય) ભારતીય શૈલી હોઈ શકે પરંતુ શાસ્ત્રીય નહિ તથા નૃત્ય નાટિકાની

છૂટ નથી. (૩) નૃત્યનો સમયગાળો ૧૫ મિનિટથી વધુ ન હોવો જોઈએ. (૪) સેટ ગોઠવવા માટે વધારાની ૫ મિનિટથી વધુ ન હોવો જોઈએ. ગીત જો કોઈ હોય તો વિષય અને મૂળ પાઠ તથા ટૂંકી નોંધની ત્રણ નકલો નોંધણી સમયે પ્રવેશ ફોર્મ સાથે રજૂ કરવાની રહેશે. (૫) ભાગ લેનાર ટીમ પોતાનું કાર્ય પૂરૂ થયા પછી તરત જ પોતાના સેટ, ચીજવસ્તુઓ વગેરે ખસેડી લેવાની રહેશે. (૬) નિર્ણય, તાલ, નૃત્ય, સંગીત, લેખન, મેક-અપ, સેટ અને એકંદર છાપ પર આધારિત રહેશે. (૭) આ આઈટમ માટે આગળથી રેકર્ડ કરેલ સંગીત (ટેપ-કેસેટ વગેરે)ની છૂટ આપવામાં આવશે નહિ.

**(૧૮) હાર્મોનિયમ (હળવું) :**

(૧) આ સ્પર્ધા માટે અધિકતમ સમય ૧૦ મિનિટનો રહેશે. (૨) સહાયકની સંખ્યા ૧ રહેશે. (૩) સ્ટેજ, માઇક ગોઠવવા વધારાની પાંચ(૫) મિનિટ આપવામાં આવશે. (૪) ભાગ લેનારઓએ પોતાનું વાજિંત્ર સાથે લાવવાનું રહેશે. (૫) હળવા સંગીત સ્વરૂપે આઈટમ રજૂ કરવાની રહેશે. જેમાં ફિલ્મી સંગીત ન હોવું જોઈએ. (૬) નિર્ણય, તાલ, ટેકનિક, સંગીત, રજૂઆત સમય સામાન્ય છાપ વગેરે પર આધારિત રહેશે.

**(૧૯) એકાંકી :**

આ સ્પર્ધા ખુલ્લા વિભાગ માટે રહેશે. (૧) નાટકનો સમય ૩૦ મિનિટ થી ૪૫ મિનિટનો રહેશે. (૨) જેવુ સિગ્નલ આપવામાં આવે કે તરત જ અથવા ટીમ પરિચય આપવાનું શરૂ કરે બે માંથી જે વહેલું હોય ત્યારથી સમય ગણવામાં આવશે. (૩) ખાલી સ્ટેજથી ખાલી સ્ટેજનું ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે. (૪) સ્ટેજનો ચાર્જ સાંભળ્યા પછી સ્ટેટિંગ અને સેટ તથા ચીજ વસ્તુઓ દૂર કરવા ૧૦ મિનિટનો સમય આપવામાં આવશે. (૫) અભિનય કરનારની સંખ્યા ૧૨ થી વધવી જોઈએ નહિ. (૬) ભાગ લેનાર ટીમોએ પોતાના સેટ/સ્ટેજ ચીજવસ્તુઓ મેકઅપની સામગ્રી વગેરે લાવવાની રહેશે. આગળથી જણાવવામાં આવેથી હલકી અને સામાન્ય વસ્તુઓ જેવી કે ફર્નિચર પૂરૂ પાડવામાં આવશે. (૭) ભાગ લેનારે ટીમે નાટકની રજૂઆત પહેલા ઓછામાં ઓછા બે કલાક પહેલા સ્પર્ધાના ઇન્ચાર્જ સમક્ષ હાજર થવાનું રહેશે. (૮) નિર્ણય, વિષય, અભિનય, સ્ટેજ, કલા, એકંદરે છાપ જેવા નાટકના ગુણો પર આધારિત રહેશે. (૯) રાજ્યકક્ષાએ એકાંકી સ્પર્ધાના વિજેતાક્રમ નિર્ણાયકશ્રી રજૂ કરશે. તે મુજબ ઈનામ અને વિજેતા નંબર ધ્યાનમાં લેવાશે પરંતુ રાષ્ટ્રીય યુવા ઉત્સવમાં અંગ્રેજી/હિન્દી એકાંકીની શ્રેષ્ઠ એકાંકી ભાગ લેશે.

**(૨૦) શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા :**

(૧) આ સ્પર્ધા ખુલ્લા વિભાગ માટે રહેશે. (૨) ભાષા માત્ર હિન્દી કે અંગ્રેજી રહેશે. (૩) ભાગ લેનાર દરેકને રજૂઆત માટે અધિકતમ ચાર(૪) મિનિટ આપવામાં આવશે. (૪) ભાગ લેનાર કન્ટેઇનરમાંથી એક સ્લીપ લેશે. લીધેલી સ્લીપના વિષય પર ભાગ લેનાર બોલશે. બીજી સ્લીપ લેવાની વધુ તક આપવામાં આવશે નહિ. (૫) નિર્ણય, બોલવાની સ્પષ્ટતા, પ્રવાહ પસંદ કરેલા વિષય સાથે સંબંધના શબ્દો અને વાક્યનું પુનરાવર્તન ન થવું, વિશ્વાસ, વિષય પ્રત્યેની સભાનતા વગેરે પર આધારિત રહેશે.

**(૨૧) શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિંદુસ્તાની) :**

(૧) આ આઇટમને ફાળવેલ અધિકતમ સમય ૧૫ મિનિટનો રહેશે. (૨) સ્ટેજ, માઇક, સંગીતકારોને બેસવા વાજિંત્રોનો સૂર મેળવવા વગેરે માટે વધારાની ૫ મિનિટ આપવામાં આવશે. (૩) આ આઈટમને હેઠળ ફિલ્મી ગીતોની છૂટ નથી. (૪) રાગ અને રચનાની પસંદગીમાં પૂરતો વિચાર કરવો અને કાળજી લેવી જોઈએ. (૫) નિર્ણય, સ્વર, નામ, બોલનું ઉચ્ચારણ રાગની પસંદગી રચના અને એકંદરે છાપ પર આધારિત રહેશે. (૬) રાજ્યકક્ષાએ “અ” અને “બ” વિભાગમાં પ્રથમ નંબરે વિજેતા બંને કલાકારો પૈકી શ્રેષ્ઠતાનું ધોરણ નિર્ણાયકશ્રીઓ દ્વારા નક્કી કરવામાં આવશે. જે બંને કલાકારોને બંધનકર્તા રહેશે. રાજ્યકક્ષાની સ્પર્ધામાં પાંચ સહાયકો ભાગ લઈ

શકશે. જ્યારે રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા માટે પસંદગી પામેલ સ્પર્ધકે રાષ્ટ્રીય યુવા ઉત્સવના માર્ગદર્શક સિદ્ધાંતો અનુસાર સ્પર્ધક ભાગ લઈ શકશે નહીં. પોતાના ખર્ચે સહાયકો સાથે લઈ જઇ શકશે.

**(૨૨) <u>શાસ્ત્રીય કંઠ્ય સંગીત (કર્ણાટકી) :</u>**

(૧) આ આઈટમને ફાળવેલ અધિકતમ સમય ૧૫ મિનિટનો રહેશે. (૨) સ્ટેજ, માઇક, સંગીતકારોને બેસવા વાજિંત્રોનો સૂર મેળવવા વગેરે માટે વધારાની ૫ મિનિટ આપવામાં આવશે. (૩) આ આઈટમને હેઠળ ફિલ્મી ગીતોની છૂટ નથી. (૪) રાગ અને રચનાની પસંદગીમાં પૂરતો વિચાર કરવો અને કાળજી લેવી જોઈએ. (૫) નિર્ણય, સ્વર, નામ, બોલનું ઉચ્ચારણ રાગની પસંદગી રચના અને એકંદરે છાપ પર આધારિત રહેશે.

**(૨૩) <u>શાસ્ત્રીય વાજિંત્ર (વાદન) :</u> (સિતાર, વાંસળી, તબલાં, વીણા, મૃદંગમ)**

(૧) ભાગ લેનારે પોતાનું વાજિંત્ર સાથે લાવવાનું રહેશે. (૨) હિન્દુસ્તાની કે કર્ણાટકી શૈલીમાં આઈટમ રજૂ કરી શકાશે. (૩) સિતાર, વાંસળી અને વીણા માટે ફાળવેલ અધિકતમ સમય ૧૫ મિનિટનો રહેશે તથા તબલાં તથા મૃદંગમ માટે ૧૦ મિનિટનો સમય રહેશે. (૪) નિર્ણય મોટે ભાગે તાલ, ચંચળ સ્વર, રચના અને સામાન્ય છાપ પર આધારિત રહેશે.

**(૨૪) <u>ગિટાર :</u>**

(૧) આ સ્પર્ધા માટે અધિકતમ સમય ૧૦ મિનિટનો રહેશે. (૨) સ્ટેજ, માઇક, ગોઠવવા વાજિંત્રના સૂર મેળવવા માટે વધારાની પાંચ મિનિટ આપવામાં આવશે. (૩) ભાગ લેનારે પોતાનું વાજિંત્ર સાથે લાવવાનું રહેશે. (૪) ભારતીય કે પશ્ચિમી સંગીત સ્વરૂપે આઈટમ રજૂ કરવાની રહેશે. (૫) નિર્ણય, તાલ, સંગીત, ટેકનિક, સંયમ, વાજિંત્ર પર પ્રભુત્વ, એકંદરે છાપ વગેરે પર આધારિત છે.

**(૨૫) <u>શાસ્ત્રીય નૃત્ય :</u> (મણિપુરી, ઓડીસી અને કુચીપૂડી)**

(૧) ભાગ લેનાર દરેકને રજૂઆત માટે અધિકતમ સમય ૧૫ મિનિટનો રહેશે. (૨) સ્ટેજ, માઇક, ગોઠવવામાં, સંગીતકારોને બેસવામાં અને વાજિંત્રનો સૂર મેળવવા વગેરે માટે વધારાની પાંચ મિનિટ આપવામાં આવશે. (૩) નિર્ણય, તાલ, ટેકનિક, લય, અભિનય કે અભિવ્યક્ત વેશભૂષા, ફૂટવર્ક, એકંદરે છાપ વગેરે જેવી છાપ ગુણવતા પર આધારિત રહેશે. (૪) નૃત્યનું વર્ણન, એમાની વાર્તા જો હોય તો અને સાથેનું ગીત જો હોય તો તથા હિન્દી કે અંગ્રેજીમાં એનો અર્થ સાથેની સંક્ષિપ્તમાં નોંધની ત્રણ નકલો નોંધણી સમયે રજૂ કરવાની રહેશે.

**(૨૬) <u>શાસ્ત્રીય નૃત્ય ( ભરતનાટ્યમ):</u>**

(૧) ભાગ લેનાર દરેકને રજૂઆત માટે અધિકતમ સમય ૧૫ મિનિટનો રહેશે. (૨) સ્ટેજ, માઇક, ગોઠવવામાં, સંગીતકારોને બેસવામાં અને વાજિંત્રનો સૂર મેળવવા વગેરે માટે વધારાની પાંચ મિનિટ આપવામાં આવશે. (૩) નિર્ણય, તાલ, ટેકનિક, લય, અભિનય કે અભિવ્યક્ત વેશભૂષા, ફૂટવર્ક, એકંદરે છાપ વગેરે જેવી છાપ ગુણવતા પર આધારિત રહેશે. (૪) નૃત્યનું વર્ણન, એમાની વાર્તા જો હોય તો અને સાથેનું ગીત જો હોય તો તથા હિન્દી કે અંગ્રેજીમાં એનો અર્થ સાથેની સંક્ષિપ્તમાં નોંધની ત્રણ નકલો નોંધણી સમયે રજૂ કરવાની રહેશે. (૫) રાજ્યકક્ષાના યુવા ઉત્સવમાં "અ" અને "બ" વિભાગની સ્પર્ધાઓ અલગ-અલગ રીતે યોજાશે. અને તે મુજબ વિજેતા પણ અલગ-અલગ જાહેર કરવામાં આવશે. પરંતુ રાષ્ટ્રીય યુવા ઉત્સવમાં ભાગ લેવા માટે "અ" અને "બ" વિભાગમાંથી જે શ્રેષ્ઠ કૃતિ હશે તે જ ભાગ લઈ શકશે રાષ્ટ્રીય કક્ષાએ રાષ્ટ્રીય યુવા ઉત્સવના માર્ગદર્શક સૂચનાઓ ધ્યાનમાં લઈ ફક્ત સ્પર્ધક ભાગ લેવા માટે જશે. જો સહાયકો લઈ જવા હોય તો સ્પર્ધકના ખર્ચે લઈ જઇ શકે છે. (૬) રાજ્યકક્ષા સુધી લાઇવ હશે તો વધુમાં વધુ પાંચ સંગીતકારોનો ઉપયોગ થઈ શકશે. કેસેટ દ્વારા રજુ કરાશે તો બે સહાયકો રાખી શકાશે. (૭) નૃત્ય રેકોર્ડ કેસેટ અથવા ગ્રામોફોન રેકર્ડ ઉપર રજૂ કરી શકશે.

**(૨૬) <u>શાસ્ત્રીય નૃત્ય ( કથ્થક ):</u>**

(૧) ભાગ લેનાર દરેકને રજૂઆત માટે અધિકતમ સમય ૧૫ મિનિટનો રહેશે. (૨) સ્ટેજ, માઇક, ગોઠવવામાં, સંગીતકારોને બેસવામાં અને વાજિંત્રનો સૂર મેળવવા વગેરે માટે વધારાની પાંચ મિનિટ આપવામાં આવશે. (૩) નિર્ણય, તાલ, ટેકનિક, લય, અભિનય કે અભિવ્યક્ત વેશભૂષા, ફૂટવર્ક, એકંદરે છાપ વગેરે જેવી છાપ ગુણવતા પર આધારિત રહેશે. (૪) નૃત્યનું વર્ણન, એમાની વાર્તા જો હોય તો અને સાથેનું ગીત જો હોય તો તથા હિન્દી કે અંગ્રેજીમાં એનો અર્થ સાથેની સંક્ષિપ્તમાં નોંધની ત્રણ નકલો નોંધણી સમયે રજૂ કરવાની રહેશે. (૫) રાજ્યકક્ષાના યુવા ઉત્સવમાં “અ” અને “બ” વિભાગની સ્પર્ધાઓ અલગ-અલગ રીતે યોજાશે. અને તે મુજબ વિજેતા પણ અલગ-અલગ જાહેર કરવામાં આવશે. પરંતુ રાષ્ટ્રીય યુવા ઉત્સવમાં ભાગ લેવા માટે “અ” અને “બ” વિભાગમાંથી જે શ્રેષ્ઠ કૃતિ હશે તે જ ભાગ લઈ શકશે રાષ્ટ્રીય કક્ષાએ રાષ્ટ્રીય યુવા ઉત્સવના માર્ગદર્શક સૂચનાઓ ધ્યાનમાં લઈ ફક્ત સ્પર્ધક ભાગ લેવા માટે જશે. જો સહાયકો લઈ જવા હોય તો સ્પર્ધકના ખર્ચે લઈ જઇ શકે છે. (૬) ) રાજ્યકક્ષા સુધી લાઇવ હશે તો વધુમાં વધુ પાંચ સંગીતકારોનો ઉપયોગ થઈ શકશે. કેસેટ દ્વારા રજુ કરાશે તો બે સહાયકો રાખી શકાશે. (૭) નૃત્ય રેકોર્ડ, કેસેટ અથવા ગ્રામોફોન ઉપર રજૂ કરી શકશે.

## પ્રદેશકક્ષાએ યુવા ઉત્સવમાં લાઇફ સ્કીલ વિભાગમાં ભાગ લેવા અંગેની નિયમો

**(૧) <u>STORY MAKING :</u>**

(૧) આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકને સ્પર્ધાના નિયુક્ત કરેલ નિર્ણાયકો તરફથી આપવામાં આવેલ વિષય, મુદ્દા પર વાર્તા લેખન કરવાનું રહેશે. (૨) આ સ્પર્ધા ખુલ્લા વિભાગ માટે રહેશે. (૩) આ સ્પર્ધાનો સમય ૨ કલાક અને ૩૦ મિનિટનો રહેશે. (૪) સ્પર્ધા અંગ્રેજી અથવા હિન્દી ભાષામાં રહેશે.

(૨) <u>POSTER MAKING :</u>

(૧) આ સ્પર્ધા ખુલ્લા વિભાગ માટે રહેશે. (૨) આ સ્પર્ધાનો સમય ૨ કલાક અને ૩૦ મિનિટનો રહેશે. (૩) સ્પર્ધા અંગ્રેજી અથવા હિન્દી ભાષામાં રહેશે. (૪) આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકને સ્પર્ધાના નિયુક્ત કરેલ નિર્ણાયકો દ્વારા આપવામાં આવેલ વિષય, મુદ્દા પર પોસ્ટર બનાવવાનું રહેશે. જે ચિત્રકામ નથી પરંતુ તેમાં ગ્રાફિક્સ અને ટેસ્ટનું સયોજન છે.

**(3) <u>DECLAMATION :</u>**

(૧) આ સ્પર્ધા ખુલ્લા વિભાગ માટે રહેશે. (૨) આ સ્પર્ધાનો સમય ૮ થી ૧૦ મિનિટનો રહેશે. (૩) સ્પર્ધા અંગ્રેજી અથવા હિન્દી ભાષામાં રહેશે. (૪) ભાગ લેનાર સ્પર્ધકે આપેલ વિષય ઉપર ઐતિહાસિક અને અધિકૃત સંદર્ભો વર્તમાન પરિસ્થિતિનું વિશ્લેષણ પોતાના સુચનો નવા વિચારો રજુ કરવાના રહેશે.

**(૪) <u>PHOTOGRAPHY :</u>**

(૧) આ સ્પર્ધા ખુલ્લા વિભાગ માટે રહેશે. (૨) આ સ્પર્ધાનો સમય ૨ કલાક અને ૩૦ મિનિટનો રહેશે. (૩) સ્પર્ધકે પોતાનો ડીઝીટલ કેમેરો સાથે લાવવાનો રહેશે. જે ૧૨ મેગા પિકસલથી વધારે ન હોવો જોઇયે. (૪) નિર્ણાયકો દ્વારા સ્પર્ધાના સમયે જ જે તે વિષય જાહેર થાય તેના પર સ્પર્ધકે ૦૫ તસ્વીર ઝીલવાની રહેશે. (૫) તસ્વીરોમાં મિક્સીંગ, મેચિંગ અથવા મોર્ફીંગની મંજુરી આપવામાં આવશે નહીં. (૬) એન્હાસિંગ ઇમેજીસ માટે ફોટોશોપ વગેરે સોફ્ટવેરથી મંજુરી આપવામાં આવશે નહીં. (૭) સ્પર્ધામાં પ્રાપ્ત તસ્વીરોનો યોગ્ય જણાય ત્યા ઉપયોગ કરવા માટે આયોજકો સંસ્થાઓનો તમામ અબાધિત અધિકાર રહેશે.

**ઉપર જણાવેલ સામાન્ય અને વિશેષ નિયમો અને વિનિયમો તથા સંબંધીત આઇટમો માટે નિર્ણાયકની પેનલની સૂચનાને આધિન રહેશે.**